


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 235
Dt.: 30-06-2025, Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જાહેર

# દેશમાં ચોમાસાની દસ્તક, દિલ્હીથી લઈ રાજસ્થાન સુધી વરસાદ

## ૨-૫ જુલાઈ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા પર ખૂબ ભારે વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી એનસીઆરના લોકો છેલ્લા ઘણા દિવસોથી ચોમાસાની રાહ જોઈ રહ્યા હતા. હવે તે રાહનો અંત આવ્યો છે, કારણ કે ચોમાસાના આગમનની માહિતી હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે ૨૯ જૂને દિલ્હી એનસીઆર સહિત દેશભરમાં ચોમાસાએ દસ્તક આપી દીધી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, દક્ષિણ પશ્ચિમ ચોમાસું રવિવાર (૨૯ જૂન, ૨૦૨૫) સુધીમાં સમગ્ર દેશને આવરી લેશે. જ્યારે સામાન્ય તારીખ ૮ જુલાઈ છે. આ સામાન્ય કરતાં ૯ દિવસ વહેલું થયું છે. આ સાથે, આગામી ૭ દિવસ સુધી ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતના ઘણા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ અપેક્ષા છે અને હવામાન વિભાગે ઝારખંડ (૨૯ અને ૩૦ જૂન) અને ઓડિશા (૨૯ જૂન) માં કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની ચેતવણી પણ જારી કરી છે.

હવામાન વિભાગે માહિતી આપી છે કે ચોમાસાએ સમગ્ર ભારતમાં દસ્તક આપી દીધી છે. આ અંગે ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે આ સમયે આખું ભારત વાદળોથી ભરેલું છે. ખાસ કરીને ઉત્તરપશ્ચિમ ક્ષેત્ર. તેનું કારણ એ છે કે એક નીચા દબાણવાળા ક્ષેત્રનું નિર્માણ થયું છે, ત્યાં ગાઢ વાદળો છે. નીચા દબાણવાળા ક્ષેત્રને કારણે ચોમાસાની સ્થિતિ અનુકૂળ છે અને હવે આખું ભારત છવાઈ ગયું છે. ચોમાસું ૨૯ જૂને રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા અને સમગ્ર દિલ્હીમાં પહોંચી ગયું છે, જેના કારણે તે સમગ્ર ભારતમાં ફેલાઈ ગયું છે. ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે હિમાચલ અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે ત્યાં વરસાદની પ્રવૃત્તિ ખૂબ વધારે છે, હાલમાં ઝારખંડમાં પણ રેડ એલર્ટ જાહેર કરાયું હતું.

હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, દિલ્હી-એનસીઆર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. અહીં પણ ખૂબ ભારે વરસાદની અપેક્ષા છે. આ ચેતવણી ૨ થી ૩ દિવસ સુધી રહેશે. હવામાન વિભાગે ૩૦ જૂનથી ૨ જુલાઈ સુધી દિલ્હી/NCRમાં મહત્તમ તાપમાન 31-34°C રહેવાની આગાહી કરી છે, જે સામાન્ય કરતાં 4-6°C ઓછું છે.

આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહી શકે છે અને વાવાઝોડા, વીજળી અને જોરદાર પવન (૩૦-૪૦ કિમી/કલાક) સાથે હળવો થી મધ્યમ વરસાદ થવાની પણ અપેક્ષા છે.

પૂર્વ અને મધ્ય ભારતઃ અતિ ભારે વરસાદઃ ઝારખંડ (૩૦ જૂન), ઓડિશા (૩૦ જૂન). ભારેથી અતિ ભારે વરસાદઃ મધ્યપ્રદેશ, બિહાર, વિદર્ભ, છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ. વાવાઝોડા, વીજળી અને જોરદાર પવન સાથે હળવો થી મધ્યમ વરસાદ.

ઉત્તરપશ્ચિમ ભારતઃ ભારે વરસાદઃ હિમાચલ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ ખૂબ ભારે વરસાદઃ ઉત્તરાખંડ, હિમાચલ, પંજાબ (૩૦ જૂન), પશ્ચિમ યુપી (૩૦ જૂન-૨ જુલાઈ)

પશ્ચિમ ભારતઃ કોંકણ, ગોવા, ઘાટ વિસ્તારો, ગુજરાત પર સતત ૭ દિવસ સુધી ભારે વરસાદ.

ઉત્તરપૂર્વ ભારતઃ ૨-૫ જુલાઈ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા પર ખૂબ ભારે વરસાદ.

દક્ષિણ ભારતઃ કેરળ, કર્ણાટક પર ભારે વરસાદ અને ભારે પવનની સંભાવના.

### કલ્યાણ બેનરજી મોઈત્રા પર ભડક્યાં

# નૈતિકતાનું ઉલ્લંઘન કરનારી મને ઉપદેશ આપી રહી છેઃ બેનરજી

## પ.બંગાળમાં દક્ષિણ કોલકાતા લૉ કોલેજ ગેંગ રેપ કેસમાં નિવેદન આપવા બદલ ટીએમસી નેતાઓની વચ્ચે વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં દક્ષિણ કોલકાતા લૉ કોલેજ ગેંગ રેપ કેસમાં નિવેદન આપવા બદલ ટીએમસી નેતાઓની વચ્ચે વિવાદ વકર્યો છે. પક્ષના સાંસદ કલ્યાણ બેનરજીએ ગેંગરેપ પર નિવેદન આપતાં તેઓ સવાલોમાં ઘેરાયા હતાં. તેમની ટીકા તેમના જ પક્ષના સાંસદ મહુઆ મોઈત્રાએ કરતાં મામલો બિચક્યો હતો. બંને સાંસદો એકબીજા પર આક્ષેપો કરતાં જોવા મળ્યા હતાં.

કલ્યાણ બેનરજીએ ગેંગરેપ પર ટીકાજનક નિવેદન આપતાં મોઈત્રાએ તેમનો વિરોધ કર્યો હતો. જેનો જવાબ આપતાં બેનરજી મોઈત્રા પર ભડક્યા હતાં. કલ્યાણ બેનરજીએ કહ્યું કે, 'મહુઆ તેના હનીમૂન પછી ભારત પાછી આવી અને મારી સાથે ઝઘડો કરવા લાગી! તે મારા પર મહિલા વિરોધી હોવાનો આરોપ લગાવી રહી છે, તે પોતે શું છે? તેણે તેના ૪૦ વર્ષ જૂના લગ્ન તોડીને ૬૫ વર્ષના પુરૂષ સાથે લગ્ન કર્યા, શું તેણે મહિલાને નુકસાન પહોંચાડ્યું નથી?'

ઉલ્લેખનીય છે, ગયા મહિને જ મહુઆ મોઈત્રાએ જર્મનીના બર્લિનમાં બીજેડી નેતા અને વરિષ્ઠ વકીલ પિનાકી મિશ્રા સાથે લગ્ન કર્યા હતા. કલ્યાણ બેનર્જીએ મહુઆને આડે હાથ લેતાં કહ્યું કે તે તેના મતવિસ્તારની તમામ મહિલા નેતાઓની વિરુદ્ધ છે. ટીએમસી સત્તા પર આવ્યા બાદ ૨૦૧૬માં પક્ષમાં તે પક્ષમાં જોડાઈ અને પોતાને રાહુલ ગાંધીની મિત્ર ગણાવી રાજકારણ રમવાનું શરૂ કર્યુ હતું. કલ્યાણ બેનરજીએ કહ્યું કે, એક એવી સાંસદ જેને નૈતિકતાના ઉલ્લંઘન બદલ સદનમાંથી હાંકી કાઢવામાં આવી હતી. તે આજે મને ઉપદેશ આપી રહી છે. તે સૌથી વધુ મહિલા વિરોધી છે. તે માત્ર પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરવા અને પૈસા કમાવવા માગે છે. મહુઆએ શનિવારે X પર પોસ્ટ કરી હતી કે, 'દેશના દરેક પક્ષમાં એવા લોકો છે જે મહિલાઓને નફરત કરે છે. TMC અન્ય પક્ષોથી અલગ છે. અમારો પક્ષ આ દ્વેષપૂર્ણ નિવેદનોની નિંદા કરે છે, પછી ભલે કોઈએ પણ આવા નિવેદનો આપ્યા હોય.' TMC દ્વારા કલ્યાણ બેનર્જીના નિવેદનની ટીકા બાદ મહુઆએ આ પોસ્ટ કરી હતી. પરંતુ કલ્યાણ બેનર્જીએ પક્ષની ટીકાનો વાંધો ઉઠાવતા કહ્યું હતું કે, 'TMC દ્વારા X પર કરવામાં આવેલી પોસ્ટ સાથે હું સંપૂર્ણપણે અસંમત છું. શું પક્ષ આ ગુનેગારોને રક્ષણ આપનારા નેતાઓને પરોક્ષ રીતે ટેકો આપી રહી છે?'

કોલકાતા લૉ કોલેજ ગેંગરેપ મામલે કલ્યાણ બેનરજીએ નિવેદન આપ્યું હતું કે, જો કોઈ મિત્ર પોતાના મિત્ર પર દુષ્કર્મ આચરે તો તેને શું કહીશું? શું હવે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પોલીસ તૈનાત કરવી પડશે. વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થિની પર દુષ્કર્મ કર્યું છે. તેની સુરક્ષા કોણ કરશે. મહિલાઓએ આવા હુમલાખોરોથી સાવચેત રહેવુ જોઈએ. બેનરજીના આવા વિવાદાસ્પદ નિવેદન સાથે છેડો ફાડતાં ટીએમસીએ જણાવ્યું હતું કે, આ તેમનું અંગત નિવેદન છે. પક્ષના તેની સાથે કોઈ લેવાદેવા નથી. આ પક્ષનો વિચાર નથી. મહિલાઓ વિરૂદ્ધ ગુના પર અમારી ઝીરો ટોલેરન્સ પોલિસી છે. અમે આ ગુનામાં સામેલ તમામ લોકોને આકરી સજા આપવાન માગ કરીએ છીએ.

### વક્ફ સંશોધન બિલ વિરૂદ્ધ રેલીમાં ગરજ્યાં તેજસ્વી યાદવ

# બિહારમાં કોઈપણ કિંમતે વક્ફ સંશોધન બિલ લાગુ નહી કરાય

## આ દેશ કોઈના બાપનો નથી. આઝાદીની લડાઈમાં તમામ લોકોના પૂર્વજોએ પોતાનું બલિદાન આપ્યું છે : તેજસ્વી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

પટનામાં વક્ફ સંશોધન બિલના વિરૂદ્ધમાં મુસ્લિમ સંગઠનોએ અવાજ ઉઠાવ્યો છે. સંગઠન દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં બિહારના વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ પણ સામેલ હતા. પટનામાં ગાંધી મેદાન ખાતે કોન્ફરન્સ દરમિયાન પોતાના ભાષણમાં તેજસ્વી યાદવે વક્ફ બચાવો, રિવાજ બચાવો ના નારા સાથે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં તેજસ્વીએ કહ્યું કે, આ દેશ કોઈના બાપનો નથી. આઝાદીની લડાઈમાં તમામ લોકોના પૂર્વજોએ પોતાનું બલિદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, બિહારમાં કોઈપણ કિંમતે વક્ફ સંશોધન બિલ લાગુ નહી કરાય. ઉત્તરથી દક્ષિણ હિન્દુસ્તાન સુધીના દરેક વિસ્તારના ઈતિહાસ એ વાતની સાક્ષી છે કે, આપણી સ્વંત્રતા સંગ્રામ લડાઈમાં હિંદુ હોય કે મુસલમાન, સિખ હોય કે ઈસાઈ તમામ લોકોએ દેશની આઝાદી માટે બલિદાન આપ્યું છે. આ દેશ કોઈના બાપનો નથી, આપણા સૌનો દેશ છે. તેજસ્વી યાદવે કહ્યું કે, આ દેશ માટે તમામ લોકોના બલિદાનથી આપણને આઝાદી મળે છે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તમારી જમીન છીનવાઈ રહી છે. હવે ભાજપ સત્તામાંથી જવાની છે. લઘુમતી, ગરીબ, પછાત, અતિ પછાત અને દલિતોના મત છીનવી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે. યાવદના અનુસાર, તાજેતરમાં નવા ચૂંટણી પંચનું નોટિફિકેશન આપ્યું છે કે, તે ૮ લાખ મતદારોની ફરીથી યાદી બનાવવા જઈ રહ્યા છે. આ લોકો મતાધિકાર છીનવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ આપણે સાથે મળીને લડીશુ અને જીતીશું. તમને જણાવી દઈએ કે, વક્ફ બિલ સંશોધનના વિરોધ મુસ્લિમ સમાજના લોકો પટનામાં એકઠા થયા હતા. આ ભવ્ય રેલી અંગે થોડા દિવસ પહેલા ઈમરત-એ-શરિયા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

### ઈરાન જલ્દી જ બનાવી લેશે પરમાણુ બોમ્બ!

# અમેરિકાની એરસ્ટ્રાઈક બાદ IAEAની ચેતવણી

## યુરેનિયમથી ૯થી વધુ પરમાણુ બોંબ બનાવી શકાય : IAEA

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાને હજુ પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણ ખતમ ન કર્યો હોવાનો આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીએ (IAEA) દાવો કર્યો છે. ઈઝરાયલ-ઈરાન વચ્ચે ૧૨ દિવસ ચાલેલા યુદ્ધમાં અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યા બાદ આઈએઈએએ આ ચેતવણી આપી છે. એજન્સીએ કહ્યું કે, 'ઈરાન ટૂંક સમયમાં યુરેનિયમ સંવર્ધન ફરી શરૂ કરી શકે છે, એટલે કે ઈરાન પરમાણુ બોંબ બનાવવા નજીક પહોંચી ગયું છે. ઈરાનની ટેકનિકલ અને ઔદ્યોગિક ક્ષમતાઓ હજુ પણ સલામત છે.' આ પહેલા ઈરાને સંસદમાં પ્રસ્તાવ પાસ કરીને "છઈછ સાથે સંબંધો તોડી નાખ્યા હતા. ત્યારબાદ IAEA આ ચોંકાવનારો દાવો કર્યો છે.

અમેરિકાએ તાજેતરમાં જ ઈરાન પર હુમલા કર્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, 'અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ કેન્દ્રને સંપૂર્ણ નષ્ટ કરી દીધા છે અને તેને દાયકાઓ પાછળ ધકેલી દીધું છે.' ટ્રમ્પના આ દાવા બાદ IAEAએ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે ચેતવણી આપતા ફરી કંઈ નવાજુની થવાના એંધાણ ઉભા થયા છે.

IAEAના પ્રમુખ ગ્રોસીએ કહ્યું કે, 'અમેરિકાના હુમલામાં ઈરાનમાં કેટલાક સ્થળે નુકસાન થયું છે, જોકે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ યથાવત્ છે. જો ઈરાન ઈચ્છે તો કેટલાક મહિનાઓમાં જ સેન્ટ્રીફ્યૂજ ફરી શરુ કરી શકે છે અને સંવર્ધિત યુરેનિયમનું ઉત્પાદન કરી શકે છે. ઈરાન એક અત્યાધુનિક પરમાણુ ટેકનોલોજી ધરાવતો દેશ છે. તેની પાસે સુવિધાની સાથે જ્ઞાન અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ છે.' એજન્સીએ કેટલાક દિવસ પહેલા આશંકા વ્યક્ત કરી હતી કે, 'અમેરિકાના હુમલા પહેલા ઈરાન ૪૦૮.૬ કિલો (આશરે ૯૦૦ પાઉન્ડ) સંવર્ધન યુરેનિયમ અન્ય સ્થળે લઈ ગયું હશે. આ યુરેનિયમ ૬૦% સુધી સંવર્ધિત છે, એટલે કે પરમાણુ બોંબ બનાવની પ્રક્રિયાથી થોડે દુર છે. આ યુરેનિયમથી ૯થી વધુ પરમાણુ બોંબ બનાવી શકાય છે.' ઈરાનની સંસદમાં તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી (IAEA) સાથે સંબંધો તોડવા માટેનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે, તે જોતા એવું લાગી રહ્યું છે કે, ઈરાને છાનામાના પરમાણુ બોંબ બનાવવાનો પ્લાન બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિધેયક પસાર થયા બાદ રશિયાએ ઈરાનને કહ્યું છે કે, તે આઈએઈએ સાથે સંબંધો ચાલુ રાખે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોંબમારો કર્યો હતો, જેના કારણે ઈરાન IAEAથી નારાજ થઈને આ વિધેયક લાવ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. ઈરાને IAEA સાથે સંબંધો તોડવા માટેનું કારણ પણ જણાવ્યું છે. તેણે કહ્યું કે, 'આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી ઈરાન પર હુમલા અટકાવવામાં અને હુમલાની નિંદા કરવામાં નિષ્ફળ ગઈ છે.'

# આત્મઘાતી હુમલામાં ભારતનું નામ સંડોવતા પાકિસ્તાનને વિદેશ મંત્રાલયે ખખડાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના વઝીરિસ્તાન વિસ્તારમાં થયેલા આત્મઘાતી હુમલા માટે ભારતને દોષી ઠેરવવાના પાકિસ્તાનના આરોપોને ભારતે નકા કાઢ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું કે, અમે પાકિસ્તાની સેનાનું એક સત્તાવાર નિવેદન જોયું છે, જેમાં ૨૮મી જૂને વઝીરિસ્તાન પર થયેલા હુમલા માટે ભારતને દોષી ઠેરવવામાં આવ્યું છે. અમે આ નિવેદનને સંપૂર્ણ નકારી કાઢીએ છીએ. શનિવારે (૨૮મી જૂન) પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં એક આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકોથી ભરેલા વાહનને પાકિસ્તાની લશ્કરી કાફલા પર અથડાવી દીધું હતું. જેમાં ૧૩ સૈનિકો માર્યા ગયા હતા અને ૨૪ અન્ય ઘાયલ થયા હતા.પાકિસ્તાનની સેનાના જણાવ્યાનુસાર, આ દુઃખદ અને બર્બર ઘટનામાં બે બાળકો અને એક મહિલા સહિત ત્રણ નિર્દોષ નાગરિકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વિસ્ફોટ પછી પાકિસ્તાન સેનાએ આ વિસ્તારમાં ૧૪ આતંકવાદીઓને ઠાર માર્યા હોવાનો દાવો કર્યો હતો. આ હુમલામાં કયા જૂથને નિશાન બનાવવામાં આવ્યું હતું તે જાહેર થયું નથી અને કોઈ સંગઠને બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી નથી. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને આ હુમલા માટે ભારતને દોષી ઠેરવ્યું છે.

તાજેતરના મહિનાઓમાં ઉત્તર વઝીરિસ્તાનમાં થયેલી આ સૌથી ઘાતક ઘટનાઓમાંની એક છે, જે સુરક્ષાઓ પર સવાલો થઈ રહ્યા છે.

### ઈઝરાયલની ગાઝામાં ભયંકર સ્ટ્રાઈક

# ૭ ઓક્ટોબરના હુમલાના માસ્ટર માઈન્ડ સહિત ૮૧ લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

યુદ્ધવિરામની વાતો વચ્ચે પણ ઈઝરાયલે ગાઝાવાસીઓ પર અવિરત હુમલા ચાલુ રાખ્યા છે. ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટી પર ફરી એકવાર ભયંકર હવાઈ હુમલો કર્યો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૮૧ પેલેસ્ટાઈનના લોકોના મોત થઈ ગયા છે, જ્યારે ૪૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો સામેલ છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે આ તમામ મોતોની પુષ્ટિ કરી છે.

મળતી માહિતી અનુસાર, ઈઝરાયલી ડિફેન્સ ફોર્સે ગાઝાના ભીડભાડવાળા રહેણાંક વિસ્તારો, એક એપાર્ટમેન્ટ, સ્કૂલ, સ્ટેડિયમ અને શરણાર્થી ટેન્ટોને નિશાન બનાવ્યા. બોમ્બમારા બાદ વિસ્તારમાં ચોતરફ ધૂળ, આગ અને મૃતદેહ નજરે આવ્યો. વિસ્થાપિત પેલેસ્ટાઈનના યૂસુફ અબૂ નાસેરે આ દુર્ઘટનાની ભયાનકતાને લઈને નિવેદન કર્યુ છે.

આ સાથે ઈઝરાયલી સુરક્ષા દળ (IDF) એ દાવો કર્યો છે કે તેણે ગાઝા સિટીના સબરા વિસ્તારમાં એક ટારગેટેડ એરસ્ટ્રાઈકની મદદથી હમાસના ટોચના લીડર હાકમ મોહમ્મદ ઈસ્સા અલ ઈસ્સાને ઠાર માર્યો છે. અલ ઈસ્સાને ૭ ઓક્ટોબર ૨૦૨૩ના નરસંહારનો માસ્ટરમાઈન્ડ અને હમાસના સૈન્ય વિંગના સંસ્થાપક સભ્યોમાંથી એક મનાય છે.

શિફા હોસ્પિટલના સ્ટાફના જણાવ્યા મુજબ શુક્રવારે રાતે શરુ થયેલા હુમલા શનિવારે પણ ચાલુ રહ્યા હતા. તેના લીધે ગાઝા સ્ટેડિયમ નજીકના પેલેસ્ટાઈની શહેરમાં ૧૨ના મોત થયા હતા. આ ઉપરાંત આશ્રય લઈ રહેલા લોકો વિસ્થાપિત થયા હતા.

આ ઉપરાંત નાસીર હોસ્પિટલમાં ૨૦થી પણ વધુ મૃતદેહો આવ્યા હોવાનું આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું. શનિવારે ભરબપોરે ગાઝા શહેરની ગલીમાં કરવામાં આવેલા હુમલામાં ૧૧ના મોત થયા હતા. તેમના મૃતદેહ અલ-અહલી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ગાઝાની પૂરેપૂરી સારસંભાળ લૈવાની તૈયારી કરી રહ્યા છીએ. ઈઝરાયેલના પ્રધાન રોન ડેરમેર આગામી અઠવાડિયે ગાઝા યુદ્ધવિરામ પર મંત્રણા કરવા અમેરિકા આવશે. તેમા ઈરાન અને બીજા વિષયો પર પણ વાતચીત થશે. આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ તે વાતનો ઈંકાર કર્યો છે કે તેમના લશ્કરને સહાય લેવા આવતા પેલેસ્ટાઈનીઓને ગોળી મારવાની છૂટ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ ઘટના બની હશે તો ચોક્કસ તપાસ કરીશું.




# તંત્રી લેખ......

## ઈમિગ્રેશનના નિયમોમાં મોટા ફેરફારો

પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પના રાજમાં ઈમિગ્રેશનના નિયમોમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે, અને નાનકડી ભૂલ પણ ડિપોર્ટેશનનું કારણ બની શકે છે. હવે અમેરિકામાં જે ઈલીગલ ઈમિગ્રન્ટ દારૂ પીને ડ્રાઈવિંગ કરતાં પકડાશે તેને તાત્કાલિક ડિપોર્ટ કરી દેવામાં આવશે. આ અંગેનું એક બિલહાઉસમાં પાસ કરવામાં આવ્યું છે, જેને રિપબ્લિકન પાર્ટીના કન્ઝર્વેટિવ રિપ્રઝન્ટેટિવ બેરી મૂર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

આ બિલ ૨૪૬ ટુ ૧૬૦ વોટથી પાસ થઈ ગયું હતું. કોઈ રિપબ્લિકને આ બિલની વિરુદ્ધમાં વોટ ન હતો આપ્યો, પરંતુ ૧૬૦ ડેમોક્રેટ્સે બિલનો વિરોધ કર્યો હતો. આ કાયદો સેનેટમાં જશે અને ત્યારબાદ પ્રેસિડેન્ટ ટ્રમ્પ દ્વારા તેના પર સાઈન કરીને તેને અમલમાં મૂકવામાં આવશે. બિલ પાસ થયા બાદ મૂરે જણાવ્યું હતું કે, હાઉસમાં થયેલા વોટિંગથી લોકો સમક્ષ એક સ્પષ્ટ મેસેજ ગયો છે કે, અમેરિકામાં આવીને કાયદાનો ભંગ કરી તથા દારૂ પીને ડ્રાઈવિંગ કરી અમેરિકનોનો જીવ જોખમમાં મૂકનારા લોકોને પરિણામો ભોગવવા પડશે.

આ કાયદાનું પૂરું નામ જેરેમી એન્ડ એન્જલ સી અને સાર્જન્ટ બ્રાન્ડન મેન્ડોઝા પ્રોટેક્ટ અવર કોમ્યુનિટીઝ ફ્રોમ DUIs એક્ટ છે.

મૂરના એક કપલ જેરેમી અને એજન્લ સીના નામ પરથી આ એક્ટનું નામ રાખવામાં આવ્યું છે. દારૂ પીને ડ્રાઈવિંગ કરી રહેલા એક ઈલીગલ ઈમિગ્રન્ટે આ કપલને અડફેટે લેતા તેમનું મોત થયું હતું. આ એક્ટના નામમાં એક પોલીસ અધિકારી બ્રાન્ડન મેન્ડોઝાનો પણ સમાવેશ થાય છે, અને તેમનું મોત પણ દારૂ પીને ડ્રાઈવિંગ કરનારા ઈલીગલ ઈમિગ્રન્ટના હાથે થયું હતું. તેથી હવે અમેરિકામાં દારૂ પીને ડ્રાઈવિંગ કરતા જે ઈલીગલ ઈમિગ્રન્ટ ઝડપાશે તેને ડિપોર્ટ કરી દેવામાં આવશે.

આ પગલાને ટ્રમ્પના ડિપોર્ટેશનને ઝડપી બનાવવાનો જ એક ભાગ માનવામાં આવી રહ્યો છે. ટ્રમ્પ ડિપોર્ટેશનની સ્પીડ વધારવા ઈચ્છે છે, અને તેના માટે ICEને રોજના ૩૦૦૦ લોકોને એરેસ્ટ કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. ભારે પ્રેશરના કારણે ICE એ પણ કાર્યવાહી આક્રમક બનાવી દીધી છે. આ ઉપરાંત ઘણી એજન્સીઓને પણ ડિપોર્ટેશનના કામે લગાડી દેવામાં આવી છે. તેવામાં હવે ઈલીગલ ઈમિગ્રન્ટ્સની મુશ્કેલીઓ સતત વધી રહી છે, અને તેમને એક નાનકડી ભૂલ પણ ભારે પડી શકે છે.

### AC અને નોન-AC વર્ગો માટે પ્રથમ ૩૦ મિનિટમાં કોઈ એજન્ટ બુકિંગ નહીં

# ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઈટ અને એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે

### ૧૫ જુલાઈથી PRS કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા ઓનલાઈન તેમજ તત્કાલ બુકિંગ માટે OTP આધારિત ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત

તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક એક્સેસ સુનિશ્ચિત કરવા અને વાસ્તવિક મુસાફરોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી છે. આ ફેરફારોનો હેતુ વપરાશકર્તા પ્રમાણીકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.

નવી જોગવાઈઓ નીચે મુજબ છે:

૧. ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર પ્રમાણીકરણ:

૧ જુલાઈ ૨૦૨૫થી અમલમાં, IRCTCની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટ ફક્ત આધાર સાથે પ્રમાણિત વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ રહેશે.

વધુમાં, ૧૫ જુલાઈ ૨૦૨૫થી ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર-આધારિત OTP પ્રમાણીકરણ ફરજિયાત બનશે.

૨. PRS કાઉન્ટર અને એજન્ટો પર સિસ્ટમ-આધારિત OTP પ્રમાણીકરણ:

કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટો માટે બુકિંગ સમયે વપરાશકર્તા દ્વારા આપવામાં આવેલા મોબાઈલ નંબર પર OTP પ્રમાણીકરણ મોકલવાની જરૂર પડશે.

આ જોગવાઈ ૧૫ જુલાઈ ૨૦૨૫થી પણ અમલમાં આવશે.

૩. અધિકૃત એજન્ટો માટે બુકિંગ સમય પ્રતિબંધ:

નિર્ણાયક શરૂઆતના સમયગાળા દરમિયાન જથ્થાબંધ બુકિંગને રોકવા માટે, ભારતીય રેલવેના અધિકૃત ટિકિટિંગ એજન્ટોને બુકિંગ વિન્ડોની દિવસની પ્રથમ ૩૦ મિનિટ દરમિયાન તત્કાલ ટિકિટ બુક કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

AC વર્ગો માટે, આ પ્રતિબંધ સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી અને નોન-AC વર્ગો માટે સવારે ૧૧.૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી લાગુ પડે છે.

આ ફેરફારો તત્કાલ બુકિંગમાં પારદર્શિતા સુધારવા અને યોજનાના લાભો સાચા અંતિમ વપરાશકર્તાઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે.

CRIS અને IRCTCને જરૂરી સિસ્ટમ ફેરફારો કરવા અને તે મુજબ તમામ ઝોનલ રેલવે અને સંબંધિત વિભાગોને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

રેલવે મંત્રાલય તમામ મુસાફરોને આ ફેરફારોની નોંધ લેવા વિનંતી કરે છે અને દરેકને અસુવિધા ટાળવા માટે તેમના IRCTC વપરાશકર્તા પ્રોફાઈલ સાથે આધાર લિંકેજ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરે છે.

### ૧૭ દિવસ બાદ DNA મેચ કરવાની પ્રક્રિયા સમાપ્ત

# વિમાન દુર્ઘટનામાં ૨૬૦ મૃતકોના DNA મેચની પ્રોસેસ પરિપૂર્ણ

### ૧૨ જૂને બપોરે અમદાવાદના મેઘાણીનગરમાં સર્જાયેલી દુર્ઘટનામાં કુલ ૨૭૫ લોકો મોતને ભેટ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

૧૨ જૂને બપોરે અમદાવાદના મેઘાણીનગરમાં સર્જાયેલી દુર્ઘટનામાં કુલ ૨૭૫ લોકો મોતને ભેટ્યા હતા. આ ભયંકર દુર્ઘટનામાં લોકો વિકરાળ આગમાં જીવતા બળ્યાં હતા. જેના કારણે મૃતદેહની ઓળખ મુશ્કેલી બની હતી. જેથી રાજકોટ અગ્નિકાંડની ઘટનાની જેમ આ ઘટનામાં પણ મૃતકના પરિવારના સેમ્પલ લઈને DNA મેચ કરવાની પ્રક્રિયા ૧૨ જૂને હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન તમામ બળી ગયેલા ૨૬૦ મૃતદેહની ઓળખ કરાઈ હતી. આજે આ ઘટનાને કુલ ૧૭ દિવસ થયા છે. ૧૭ દિવસ બાદ આખરે તમામ મૃતદેહની ઓળખ થઈ ગઈ છે. તેથી ડીએનએ મેચની કામગીરી અહીં સમાપ્ત થયાની હોસ્પિટલે જાહેરાત કરી છે.

ઉલ્લેખિય છે કે, ૧૭ દિવસ બાદ આખરે તમામ ૨૬૦ મૃતકોની ઓળખ થઈ ચૂકી છે. ભુજના મુસાફર અનિલ ખીમાણીના DNA સૌથી છેલ્લે મેચ થયા છે. ઉલ્લેખનિય છે કે આ પ્લેનમાં ૨૪૨ પ્રવાસી પ્રવાસ કરી રહ્યાં હતા. જેમાં માત્ર 11 A નંબરની ઈમર્જન્સી એક્ઝિટ પાસે બેઠેલા રમેશ વિશ્વાસનો બચાવ થયો હતો બાકી ૨૪૧ પ્રવાસી જીવતા બળી ગયા હતા. જેથી તેની ઓળખ મુશ્કેલી બની હતી. ડીએનએ મેચ પણ મેડિકલ સ્ટાફ માટે એક પડકાર સમાન હતા. આજે ૧૭ દિવસ બાદ તમામ મૃતકોની ઓળખની કામ પૂર્ણ થયું છે.

૧૨ જૂને અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનના બ્લેક બોક્સનો ડેટા મળી આવ્યો બાદ ગુરુવારે એક સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ડેટા ડાઉનલોડ કરવામાં આવ્યો છે. મેમરી મોડ્યુલની એક્સેસ પણ મેળવી લેવામાં આવી છે. હવે તપાસ એજન્સી બ્લેક બોક્સમાંથી મળેલા ડેટાનું વિશ્લેષણ કરશે. આનાથી અકસ્માતના કારણો બહાર આવશે. અગાઉ ૨૪ જૂને નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું હતું કે બ્લેક બોક્સ તપાસ માટે વિદેશ મોકલવામાં આવી રહ્યું નથી. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) તેની તપાસ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ક્રેશ થયેલા વિમાનમાંથી બે બ્લેક બોક્સ (CVR અને DFDR) સેટ મળી આવ્યા છે. આમાં અકસ્માત સમયે પાઈલટ્સની વાતચીત અને વિમાનની ટેકનિકલ માહિતી રેકોર્ડ થાય છે. પહેલો સેટ ૧૩ જૂને અને બીજો ૧૬ જૂને મળી આવ્યો હતો. બ્લેક બોક્સ એ વિમાનમાં સ્થાપિત એક નાનું ઉપકરણ છે.તે ઉડાન દરમિયાન વિમાનની ટેકનિકલ અને અવાજ સંબંધિત માહિતી રેકોર્ડ કરે છે. બ્લેક બોક્સ બે મુખ્ય રેકોર્ડરથી બનેલું છે. કોકપીટ વોઈસ રેકોર્ડર (CVR) પાઈલટ્સની વાતચીત રેકોર્ડ કરે છે. તે જ સમયે, ફલાઈટ ડેટા રિકવરી (FDR) વિમાનની ટેકનિકલ માહિતી જેમ કે ગતિ, ઊંચાઈ, એન્જિન કામગીરી રેકોર્ડ કરે છે.બ્લેક બોક્સ નામ વિશે ઘણી વાતો કહેવામાં આવે છે. અહેવાલો અનુસાર, તેનો અંદરનો ભાગ કાળો હતો, તેથી તેને આ નામ મળ્યું. બીજો અભિપ્રાય એ છે કે અકસ્માત પછી, આગને કારણે તેનો રંગ કાળો થઈ જાય છે, તેથી લોકોએ તેને "બ્લેક બોક્સ" કહેવાનું શરૂ કર્યું. તેનું નામ બ્લેક બોક્સ છે પરંતુ તે કાટમાળથી અલગ ઝડપથી દેખાઈ આવે તેથી તેનો કલર ઓરેંજ રાખવામાં આવ્યો છે.

### વિવાદિત અમ્પાયરિંગ સામે અવાજ ઊઠાવનારને દંડ

# વેસ્ટ ઈન્ડિઝના કોચને ICCએ ફટકાર્યો મોટો દંડ

### પ્રેસ કોન્ફરન્સમાં સેમીએ થર્ડ અમ્પાયરની વિવાદિત એમ્પાયરિંગ વિશે સવાલો ઉઠાવતાં દંડ ફટકાર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)બાર્બાડોસ

બાર્બાડોસમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન ટીવી અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોકની જાહેરમાં ટીકા કરવા બદલ વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમના કોચ ડેરેન સેમીને મેચ ફીના ૧૫% દંડ ફટકારવામાં આવ્યો છે. સેમીએ બીજા દિવસે ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (DRS) ના નિર્ણયો પર ચિંતા વ્યક્ત કરી હતી. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં સેમીએ થર્ડ અમ્પાયરની વિવાદિત એમ્પાયરિંગ વિશે સવાલો ઉઠાવતાં આઈસીસીએ તેને દંડ ફટકાર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને હારનો સામનો કરવો પડ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચ દરમિયાન થર્ડ અમ્પાયર દ્વારા ૧-૨ નહીં પરંતુ ઘણી વખત ખોટા નિર્ણયો આપવામાં આવ્યા હતા. સેમીએ તેના પર પ્રશ્નો ઉઠાવતાં તેને દંડ ફટકાર્યો છે. સેમીએ જાહેરમાં એટલા માટે ટીકા કરી હતી, કારણ કે મોટાભાગના નિર્ણયો તેની ટીમની વિરુદ્ધમાં હતા. આ વિવાદ ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડથી શરૂ થયો હતો. જેને એમ્પાયરે નોટઆઉટ આપ્યો હતો. જ્યારે વેસ્ટ ઈન્ડિઝના શાઈ હોપને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો, બંનેના કેચમાં સમાનતા હતી. સેમીએ રોસ્ટન ચેઝ અને ઓસ્ટ્રેલિયાના કેમેરોન ગ્રીનને લગતા LBW રેફરલ્સના વિપરીત નિર્ણય પર પણ ભાર મૂક્યો હતો. સેમીએ કહ્યું હતું કે, જે તસવીરો આપણે જોઈ રહ્યા છીએ, તેનાથી લાગે છે કે, બંને ટીમ માટે નિર્ણય નિષ્પક્ષ લેવામાં આવ્યા નથી. હું માત્ર નિષ્પક્ષતા ઈચ્છું છું. સેમીની મેચ અધિકારી વિરૂદ્ધ નિવેદનબાજીને આઈસીસીએ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. અગાઉ, વેસ્ટ ઈન્ડિઝ ટીમના ફાસ્ટ બોલર જેડન સીલ્સ પર પણ મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. નોંધનીય છે, વેસ્ટ ઈન્ડિઝ ત્રણ મેચની સીરિઝમાં ૦-૧થી પાછળ છે. બાર્બાડોસમાં રમાયેલી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં, વેસ્ટ ઈન્ડિઝે ચોક્કસપણે ઓસ્ટ્રેલિયાને આકરી ટક્કર આપી હતી. જેમાં તેણે ઓસ્ટ્રેલિયાના ૧૮૦ રન સામે ૧૯૦ રન બનાવી ૧૦ રનની લીડ મેળવી હતી. પરંતુ બીજી ઈનિંગમાં, કાંગારૂઓએ ૩૧૦ રન બનાવ્યા હતા. જેની સામે વેસ્ટ ઈન્ડિઝ ફક્ત ૧૪૧ રન બનાવી શકી હતી.

### પોલીસ તપાસમાં મોટો ખુલાસો

# શેફાલી જરીવાલાના મોતનું કારણ બન્યું ઈન્જેક્શન ?

### પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શેફાલી છેલ્લા ૭-૮ વર્ષથી નિયમિતપણે એન્ટિ-એજિંગ દવાઓ લઈ રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

૨૭ જૂન, શુક્રવારના રોજ અભિનેત્રી શેફાલી જરીવાલાનું અવસાન થયું. આખો દેશ આ સમાચાર પર શોક વ્યક્ત કરી રહ્યો છે. કાંટા લગા ગર્લ તરીકે પ્રખ્યાત શેફાલી વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેત્રીનું મૃત્યુ કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું હતું. જોકે, મુંબઈ પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. હવે આ કેસમાં એવી મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શેફાલી છેલ્લા ૭-૮ વર્ષથી નિયમિતપણે એન્ટિ-એજિંગ દવાઓ લઈ રહી હતી. ૨૭ જૂનના રોજ તેના ઘરે પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે શેફાલીએ ઉપવાસ કર્યો હતો, પરંતુ તેમ છતાં તેણે તે જ દિવસે બપોરે એન્ટિ-એજિંગ દવાનું ઈન્જેક્શન લીધું હતું. આ દવાઓ તેને વર્ષો પહેલા ડૉક્ટરની સલાહ પર આપવામાં આવી હતી અને ત્યારથી તે દર મહિને આ સારવાર લઈ રહી છે. પોલીસને શંકા છે કે આ દવાઓ તેના અચાનક મૃત્યુનું એક મોટું કારણ હોઈ શકે છે, જેના કારણે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હોઈ શકે છે.અહેવાલો અનુસાર, ઘટના સમયે રાત્રે ૧૦થી ૧૧ વાગ્યાની વચ્ચે શેફાલીની તબિયત અચાનક બગડવા લાગી. તેનું શરીર ધ્રુજવા લાગ્યું અને તે બેભાન થઈ ગઈ. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી. ઘટના સમયે શેફાલીનો પતિ પરાગ, માતા અને કેટલાક અન્ય સભ્યો ઘરે હાજર હતા. ફોરેન્સિક ટીમે તેના ઘરમાંથી વિવિધ પ્રકારની દવાઓ જપ્ત કરી છે, જેમાં એન્ટિ-એજિંગ દવાઓ, વિટામિન સપ્લિમેન્ટ્સ અને ગેસ્ટ્રિક સંબંધિત ગોળીઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં, પોલીસે આ કેસમાં આઠ લોકોના નિવેદનો નોંધ્યા છે, જેમાં પરિવારના સભ્યો, ઘરના નોકર અને બેલેવ્યુ હોસ્પિટલના ડૉક્ટરોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના વિવાદ કે લડાઈના સંકેતો મળ્યા નથી. પોલીસ અને ફોરેન્સિક ટીમ હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને દવાઓની લેબ તપાસના આધારે આગળની કાર્યવાહી કરી રહી છે, જેથી મૃત્યુનું સાચું કારણ જાણી શકાય. આ કેસમાં તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં સંપૂર્ણ રિપોર્ટ આવવાની અપેક્ષા છે.તમને જણાવી દઈએ કે શેફાલીને ૨૭ જૂનના રોજ ગુરુવારે રાત્રે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. ત્યારબાદ પતિ પરાગ ત્યાગી અને અન્ય ત્રણ લોકો તેને મુંબઈની બેલેવ્યુ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી.

# સિક્સ ફટકાર્યા બાદ બેટ્સમેનને આવ્યો હાર્ટ એટેક, મેદાન પર મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ફિરોઝપુર

પંજાબના ફિરોઝપુરમાં એક ક્રિકેટ મેચ દરમિયાન એક બેટ્સમેનને હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તેનું મોત થયું. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે યુવક બેટિંગ કરી રહ્યો છે અને એક બોલ પર સિક્સર પણ ફટકારી રહ્યો છે. પરંતુ આ પછી તે જમીન પર બેઠો હતો. સાથી ખેલાડીઓ કંઈ સમજી શકે ત્યાં સુધીમાં તે યુવક જમીન પર ઢળી પડ્યો.

જોકે, આ પછી મેદાનમાં હાજર અન્ય સાથી ખેલાડીઓ તેની પાસે પહોંચ્યા અને સીપીઆર આપ્યું. પરંતુ તેને બચાવી શકાયો નહીં અને તેનું મોત નીપજ્યું. આ ઘટનાએ અન્ય ખેલાડીઓમાં સનસનાટી મચાવી દીધી. આ સમગ્ર મામલો ફિરોઝપુરના ગુરુહર સહાયનો હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ, રવિવારે સવારે ક્રિકેટ રમતી વખતે સિક્સર ફટકાર્યા બાદ ખેલાડી હરજીત સિંહને હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તેનું મોત થયું. હરજીત સિંહ સારી બેટિંગ કરી રહ્યો હતો. આ ઘટના ડીએવી સ્કૂલના મેદાનની છે. આ ઘટનાનો વીડિયો તેની સાથે રમતા અન્ય ખેલાડીઓએ કેમેરામાં કેદ કર્યો હતો. આ આખી ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે હરજીત સફેદ અને કાળા રંગનું ટી-શર્ટ પહેરેલું છે. બેટિંગ કરતી વખતે તેણે લાંબી સિક્સર ફટકારી અને જમીન પર બેસી ગયો. આ પછી છાતીમાં દુખાવો થવાને કારણે તે ઢળી પડ્યો. સાથી ખેલાડીઓ દ્વારા તેને સીપીઆર આપવામાં આવ્યું. પરંતુ તેને બચાવી શકાયો નહીં.

## હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં અમદાવાદ સહિત મોટાભાગના જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. ગુજરાતના હવામાનમાં ભેજનું પ્રમાણ પણ ઓછું થતુ હોય તેવું અનુભવાઈ રહ્યુ છે. ત્યારે ગુજરાતમાં આગામી સમયમાં પણ હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે રવિવારે, ૨૯મી જૂનના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીરસોમનાથ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યુ હતું.

હવામાન વિભાગે આપેલા મેપ પ્રમાણે, સોમવારે, ૩૦મી જૂનના દિવસે કોઈપણ જગ્યાએ અતિ ભારે કે અત્યંત ભારે વરસાદની આગાહી નથી. સોમવારે ૧૩ જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપી છે. પહેલી જુલાઈના રોજ વરસાદનું જોર ઘટતું હોય તેમ લાહી રહ્યું છે. મંગળવારે અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, સુરત, તાપી, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, બીજી અને ત્રીજી તારીખના રોજ અતિ ભારેથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

### કેન્દ્રીય મંત્રીનું મોટું નિવેદન

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ષડ્યંત્રના એંગલથી પણ તપાસ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયામાં જ્યારે કોઈ મોટો અકસ્માત થાય છે તો લોકોમાં આ અકસ્માતનું અસલી કારણ જાણવાની ઈચ્છા હોય છે. આ સાથે જ સરકાર અને સિસ્ટમને પણ તપાસને પૂર્ણ કરવાની ઉતાવળ હોય છે. ઘણીવાર આ તપાસ અનેક દિવસો સુધી ચાલે છે, જેમાં અકસ્માતને લઈને તમામ પ્રકારની સંભાવનાઓ પર તપાસ કરવામાં આવે છે. અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાને ૧૭ દિવસ વીતી ગયા છે અને હજુ સુધી આ અકસ્માતમાંથી મળી આવેલા બ્લેક બોક્સની તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી તેનો કોઈ રિપોર્ટ સામે નથી આવ્યો. હવે આ અકસ્માતને લઈને અલગ-અલગ એન્ગલથી તપાસ કરવામાં આવી રહી છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું કે, તપાસ એજન્સી આ અકસ્માતને લઈને ષડયંત્રના એન્ગલથી પણ તપાસ કરી રહી છે.

મુરલીધર મોહોલે જણાવ્યું કે, એર ઈન્ડિયાનું ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ AIB પાસે છે, તેની તપાસ માટે તેને વિદેશ નથી મોકલવામાં આવ્યું. એઆઈબી આ અકસ્માતના અલગ-અલગ એન્ગલની તપાસ કરી રહી છે કે ક્યાંક આ અકસ્માત જાણી જોઈને કરવામાં આવેલી ગડબડ તો નથી ને? હાલ, તપાસ એજન્સી સીસીટીવી કેમેરાની ફૂટેજ ચેક કરી રહી છે કે, ક્યાંક પ્લેન ટેક ઓફ કરે તે પહેલાં તો કંઈ તોડફોડ કરવામાં નથી આવી ને? આ અકસ્માતને લઈને અનેક એજન્સીઓ એકસાથે તપાસ કરી રહી છે. નોંધનીય છે કે, ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂને એક ભયાનક અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૧ અને મેડિકલ કોલેજની બિલ્ડિંગની અંદર તેમજ આસપાસ હાજર આશરે ૩૩ લોકોનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર એક શખસનો જીવ બચી ગયો હતો. અકસ્માત બાદથી સતત તપાસ શરૂ છે. જોકે, હજુ સુધી અકસ્માતને લઈને કોઈપણ રિપોર્ટ સામે નથી આવ્યો. હવે મંત્રીએ જણાવ્યું કે, અકસ્માતને લઈને તમામ એન્ગલની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં અકસ્માત પહેલાંના સીસીટીવીથી લઈને જાણી જોઈને કરવામાં આવેલી ગડબડી સુધીના તમામ એન્ગલની તપાસ થશે. જોકે, નિષ્ણાતો આ મુદ્દે પોતાનું મંતવ્ય આપી ચુક્યા છે અને તેમનું માનવું છે કે, આ અકસ્માત બંને એન્જિન ફેઈલ થવાના કારણે થયો હતો.

### શુભમન ગિલ અનુભવ સાથે શીખી શકે છે : રવિ શાસ્ત્રી

# ટીકાઓનો સામનો કરી રહેલા ગિલની વહારે આવ્યા રવિશાસ્ત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શુભમન ગિલની કેપ્ટન તરીકેની કારકિર્દી તેની ઈચ્છા મુજબ શરૂ થઈ ન હતી. હેડિંગ્લી ટેસ્ટમાં ૫ સદી ફટકારવા છતાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો અને આ ટેસ્ટ સીરિઝમાં ભારત ૦-૧ થી પાછળ છે. પહેલી ટેસ્ટ પછી શુભમન ગિલની કેપ્ટનશીપ પર ઘણાં સવાલો ઊભા થઈ રહ્યા છે. જો કે તેમને પૂર્વ કોચ રવિ શાસ્ત્રીનો ટેકો મળ્યો છે. તેમણે કહ્યું કે, તેને (શુભમન ગિલ) સમય આપો. તે અનુભવ સાથે આ ભૂમિકામાં આગળ વધશે.શુભમન ગિલની કેપ્ટનશીપ કારકિર્દીની શરૂઆત ખૂબ જ મુશ્કેલ રહી છે, ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને નથી, જે તેમને માર્ગદર્શન આપી શકે છે. આ દરમિયાન લીડ્સ ટેસ્ટમાં ભારત પહેલી મેચ હાર્યા છે. ત્યારે રવિ શાસ્ત્રીએ કહ્યું કે, શુભમન ગિલમાં સંયમ હોવાથી તેને અન્ય ખેલાડીઓથી અલગ પાડે છે. જો ગિલ આગળ વધી શકશે નહીં તો મને નિરાશા થશે. સુસ્ત, આળસુ અને તેજસ્વી, અને જ્યારે તે બેટિંગ કરે છે ત્યારે તેનો શાહી અંદાજ હોય છે. જો તે અનુભવ સાથે શીખી શકે છે અને પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધી શકે છે.પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, બીસીસીઆઈ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકરને શુભમન ગિલને કેપ્ટન તરીકે પોતાને સાબિત કરવા માટે ત્રણ વર્ષનો સમય આપવો જોઈએ. સીરિઝમાં ગમે તે થાય, તેનામાં કોઈ ફેરફાર ન કરો. અને મને લાગે છે કે તે તમારા માટે સારું કરશે.ઉલ્લેખની છે કે, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચોની ટેસ્ટ સીરિઝના પહેલી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને ૫ વિકેટથી હરાવ્યું છે. ભારતના ૩૭૧ રનના ટાર્ગેટને ઈંગ્લેન્ડે બેન ડકેટ અને ક્રાઉલી બાદ રૂટની શાનદાર ઈનિંગના દમ પર સરળતાથી ચેઝ કરી લીધો છે. ભારતની બેટિંગ મજબૂત રહી હતી, જોકે બોલરો નિષ્ફળ જતા પ્રથમ ટેસ્ટ ગુમાવવી પડી છે. અંતે ૫ મેચોની સીરિઝમાં યજમાન ટીમ હવે ૧-૦થી આગળ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# મારી જીત માં ભાજપના કેટલાક લોકોએ મદદ કરી : હવે બોટાદમાંથી ચુંટણી લડી બતાવો : ગોપાલ ઈટાલીયા

### ભાજપ તોડફોડ ની દુકાન બંધ કરેઃ રાજીનામુ અપાવી બોટાદમાં ચુંટણી લડાવો : મારી જીત પાછળ ભાજપના પણ લોકો હતા : ઈટાલીયાનો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી નેતા ગોપાલ ઈટાલીયાએ વિસાવદર પેટા ચુંટણીમાં જીત બાદ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે મને જીતાડવા માટે ભાજપના કેટલાક લોકોએ સહયોગ આપ્યો , તેમના આ નિવેદનથી ગુજરાતની રાજકારણની દુનિયામાં ભારે ઉથલ પાથલ જોવા મળી રહી છે.

જુનાગઢમાં યોજાયેલા કાર્યક્રમમાં ગોપાલ ઈટાલીયાએ સીઆર પાટીલને ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યુ હતુ કે એકવાર અમારો કોઈ ધારાસભ્ય બોટાદમાંથી રાજીનામુ આપે અને ચુંટણી લડી બતાવો ત્યારે જ સાચી સ્થિતિ જાણી શકાશે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મને જીત માં ખુલ્લેઆમ નહી પણ છુપાઈને ભાજપના કેટલાક લોકોએ સાથ સહકાર આપ્યો તેઓની પણ અસંતોષની ભાવના વર્તાઈ રહી છે. આ નિવેદનથી ભાજપના આંતરીક દમન અને અસંતોષના સંકેતો મળી રહ્યા છે.

પૂર્વ કોંગ્રેસી નેતા જવાહર ચાવડા જેમણે ભાજપમાં જોડાયા બાદ કેબિનેટ મંત્રી તરીકે કામગીરી કરી હતી તેઓએ પણ અગાઉથી ભાજપની યુઝ એન્ડ થ્રો પધ્ધતિ સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. તેમ છતાં કોઈ ઉકેલ ન મળતા ઈટાલીયાની જીત હવે તેના પરીણામ રૂપે જોવામાં આવી રહી છે. વિસાવદરની હાર બાદ ભાજપના અગ્રેસર કાર્યકરો જેમ કે હર્ષદ રીબડીયા અને ભુપત ભાયાણી જેવા આગેવાનોની અવગણના થઈ હોવાનુ બહાર આવ્યુ છે. રાજકીય વાતાવરણમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જો આવી નારાજગીઓ આગળ વધે તો ભાજપ માટે આંતરીક વિસ્ફોટ ટાળવો મુશ્કેલ બની શકે છે. એક પેટા ચુંટણીના પરીણામે માત્ર બેઠક નહી પરંતુ પુરેપરા રાજકીય સમીકરણો હલી જાય એ સ્થિતિ ગુજરાતની અંદર જોવા મળી રહી છે. આમ આદમી



પાર્ટી માટે આ જીત જયાં આત્મવિશ્વાસ વધારનારી છે. ત્યાં ભાજપ માટે આંતરીક પુનઃ વિચાર અને ચેતવણી પણ બની શકે છે.

## ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ કોણ હશે? અનેક નેતાઓ રેસમાં: જુલાઈના પ્રથમ સપ્તાહમાં પ્રમુખનુ નામ જાહેર થઈ શકે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની બે પેટા ચુંટણીના પરીણામ બાદ હાર ની નૈતિક જવાબદારી સ્વીકારી કોંગ્રેસના પ્રમુખ તરીકે શકિતસિહ ગોહીલે રાજીનામુ આપી દેતા હવે નવા પ્રમુખની રેસમાં અનેક નેતાઓના નામ ચાલી રહ્યા છે.



મીડીયાને મળેલી માહિતી મુજબ ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ માટે દિલ્હી હાઈકમાન્ડ દ્વારા કવાયત તેજ કરી દેવાઈ છે. દિલ્હી હાઈકમાન્ડ દ્વારા ગુજરાતના સીનીયર નેતાઓ સાથે નામોને લઈ અભિપ્રાય માંગવામાં આવી રહ્યા છે. આગામી જુલાઈ મહિનાના પ્રથમ અઠવાડીયામાં જ નવા પ્રમુખ તરીકે નામની જાહેરાત કરી દેવામાં આવશે.

નવા પ્રમુખ તરીકે ૬ નામ પર હાલ મંથન ચાલી રહ્યુ છે. પાટીદાર અને ઓબીસી સમાજના વ્યકિતને નવા પ્રમુખ તરીકે સ્થાન મળી શકે છે. કોંગ્રેસના ટોચના નેતાઓએ આપેલી માહિતી મુજબ દિલ્હી હાઈકમાન્ડ દ્વારા નેતાઓ પાસે અભિપ્રાય લેવાઈ રહ્યા છે. તો બીજી તરફ ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે લાલજી દેસાઈનુ નામ પણ ચાલી રહ્યુ છે. લાલજી દેસાઈએ રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારના કામો કર્યા છે જેમાં કોરોના કાળ ની વાત હોય, હરણી બોટકાંડ વાત હોય કે પછી એ અલગ અલગ એ મુદ્દા પર આધારીત વાતો પર મેદાનમાં ઉતર્યા છે જો કે આ તમામની વચ્ચે એક વાત એ પણ ચર્ચાઈ રહી છે કે લાલજી દેસાઈ પ્રમુખ બનાવવાની જે માંગ ઉઠી રહી છે શું હકીકતની અંદર લાલજી દેસાઈ પ્રમુખ બની શકે ખરા ?

### કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ અમદાવાદ

# સાણંદ તાલુકામાં ૧૧૨ જેટલી શાળાઓમાં ૩૦૦૦થી વધુ બાળકોનો વિદ્યારંભ



ગુજરાત રાજ્યમાં શિક્ષણના પાયાને મજબૂત કરવાના ઉમદા હેતુ સાથે આયોજિત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫નું સાણંદ તાલુકામાં તારીખ ૨૬થી ૨૮મી જૂન, ૨૦૨૫દરમિયાન આયોજન કરવામાં આવ્યું.

આ ત્રણ દિવસીય મહોત્સવ દરમિયાન, સાણંદ તાલુકાની ૧૧૨ જેટલી શાળાઓમાં ૩૦૦૦ થી વધુ બાળકોએ ધોરણ ૧ અને બાલવાટિકામાં પ્રવેશ મેળવી પોતાની શૈક્ષણિક યાત્રાનો શુભારંભ કર્યો હતો.

આ પ્રવેશોત્સવને વધુ યાદગાર બનાવવા માટે, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના માનનીય અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલ, ટેકનિકલ એજ્યુકેશનના જોઈન્ટ ડિરેક્ટર શ્રી સચિન પરીખ, પ્રાંત અધિકારી શ્રી ડી.બી. ટાંક, જિલ્લા આંકડા અધિકારી શ્રી એન.જી. પટેલ, તાલુકા મામલતદાર શ્રી સી.એલ. સુતરિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રી નીરજ બારોટ અને તાલુકા હેલ્થ ઓફિસર શ્રી બી.કે. વાઘેલા સહિતના ઉચ્ચ અધિકારીઓએ સ્વયં ઉપસ્થિત રહી બાળકોને શાળામાં પ્રવેશ અપાવીને ભૂલકાંઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ અધિકારીઓએ બાળકોને ઉજ્જ્વળ ભવિષ્ય અને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપી, જે તાલુકાના બાળકો માટે સરકારી અધિકારીઓનું વડીલ વાત્સલ્ય બની રહ્યું. શાળા પ્રવેશની સાથે, તેમને શબ્દપુષ્પ રૂપી પ્રેરણા પણ અપાઈ, જે તેમની શૈક્ષણિક યાત્રા માટે એક મજબૂત પાયો બનશે.

આ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમિયાન સંસ્કૃત બોર્ડના અધ્યક્ષશ્રીએ રાજ્ય સરકારની વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને તેના આયામો વિશે વિગતે જાણકારી આપી તેમજ જિજ્ઞાસુઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના શૈક્ષણિક અને બાળલક્ષી અભિગમયુક્ત જવાબો આપ્યા.

'એક પેડ મા કે નામ' અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રવેશોત્સવની સાથે સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. દરેક શાળામાં વાલીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરવામાં આવ્યો અને શૈક્ષણિક ગુણવત્તા વધારવા, શાળામાં બાળકોની નિયમિતતા વધારવા તથા પર્યાવરણની જાળવણી અને લોકભાગીદારી અંગે સંવાદ સાધીને માર્ગદર્શન આપ્યું હતું. પ્રવેશોત્સવના અંતિમ દિવસે, શ્રી પાલીવાલ સાહેબે ત્રણ દિવસમાં શાળાકીય ઉપલબ્ધિઓ અને 'ટીમ સાણંદ' દ્વારા થયેલાં કાર્યોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે આ મહોત્સવ દ્વારા સાણંદ તાલુકાની ૧૧૨ જેટલી શાળામાં ૩૦૦૦થી વધુ બાળકોની શૈક્ષણિક યાત્રાનો વિદ્યારંભ સરકારના મૂલ્યનિષ્ઠ અને અનુભવી એવા સુશિક્ષિત અધિકારીઓના હસ્તે થયો છે, જે ખરેખર પ્રશંસનીય છે. આ કાર્યક્રમ બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધારવા અને વાલીઓમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં અત્યંત સફળ રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### પ્રાકૃતિક કૃષિઃ અમદાવાદ જિલ્લો

## સાણંદ તાલુકાના રેથલ અને માણકોલ ગામમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના રેથલ અને માણકોલ ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ હતી.




આ તાલીમમાં ખેડૂતોને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અમદાવાદ જિલ્લાના પ્રોજેક્ટ મેનેજર સુશ્રી નિશાબહેને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની કામગીરી અંગે માહિતી આપી હતી. એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી અલ્પાબાએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો પર અને પ્રાકૃતિક ખેતીમાં ગાયના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ ઉપરાંત, આ તાલીમમાં ખેડૂતોએ કિચન ગાર્ડન વિશે વિશેષ માહિતી મેળવી હતી. દરેક ખેડૂત પોતાના ખેતરમાં, વાડીમાં કે ઘરઆંગણે પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડે અને બીજા ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે હેતુથી ચોમાસામાં થતાં વિવિધ ૧૬ પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું ખેડૂતોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તાલીમમાં ખેડુતોના પ્રશ્નોના સંતોષપૂર્ણ જવાબો આપવામાં આવ્યા હતા.

આ તાલીમમાં તાલુકા મેનેજર શ્રી રાજભાઈ, માર્કેટિંગ પ્લાનિંગ એન્ડ પ્રમોશન કન્સલટન્ટ સુશ્રી રીતિકાબહેન, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજય સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૭ મહીનામાં ૫૦૦ દર્દીઓની લિથોટ્રીપ્સીથી પથરીની પેઈનલેસ સારવાર કરાઈ

તમને પથરી ની તકલીફ હોય તો એક વાર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવીને યુરોલોજી વિભાગમાં ડૉક્ટરને જરૂરથી બતાવજો.

સિવિલ હોસ્પિટલ ના યુરોલોજી વિભાગ ના વડા ડો. શ્રેણિક શાહે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે, સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ દ્વારા છેલ્લા ૭ મહીના માં લિથોટ્રિપ્સીથી ઓપરેશન વગર ૫૦૦ દર્દીઓની કિડની તેમજ પેશાબની નળીમાં રહેલી પથરી દૂર કરવામાં આવી. તમામ દર્દીઓ પીડારહિત સામાન્ય જીવનશૈલીમાં પાછા ફર્યા છે.

જેમાં ૮૪ % દર્દીઓમાં પ્રથમ પ્રયાસે જ સંપૂર્ણપણે પથરી દૂર થઈ. ૧૬ %કિસ્સામાં બે વાર લીથોટ્રીપ્સી કરી પથરી દૂર કરવામાં આવી.

જેમાં ૩ વર્ષથી લઈ ૮૦ વર્ષ સુધીના દર્દીઓની પથરીની તકલીફ દૂર કરાઈ. આ ૫૦૦ દર્દીઓમાં ૩૪૦ પુરુષ દર્દી તેમજ ૧૬૦ સ્ત્રી દર્દીનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૪૫ દર્દીઓમાં ૧૦ mm (મિલીમીટર) સાઈઝની, ૨૦૦ દર્દીઓમાં પથરીની સાઈઝ ૧૦થી ૧૫ mm તેમજ ૧૫૫ દર્દીઓ એવા હતા જેમની પથરીની સાઈઝ ૧૫ mm કરતાં પણ વધારે હતી.

કુલ ૫૦૦ દર્દીઓમાંથી ૨૪૦ દર્દીઓમાં પથરી કીડનીમાં હતી, જ્યારે ૧૩૫ દર્દીમાં મૂત્રવાહિનીના શરૂઆતના ઉપરના પેલ્વીસના ભાગમાં તથા ૧૨૫ દર્દીઓમાં પથરી મૂત્રવાહિનીના ઉપરના ભાગમાં હતી.

આ તમામ ૫૦૦ દર્દીઓની સંપૂર્ણપણે પથરી દૂર થઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

ડો. શ્રેણીક શાહે આ પદ્ધતિથી સારવારના દર્દીઓ માટે ફાયદા વર્ણવતા જણાવ્યુ હતુ કે આ સારવાર માં

★ શરીર ઉપર કોઈ કાપો મુકવામાં આવતો નથી.

★ દર્દીની તકલીફમાં ઝડપી સુધારો થાય છે અને દર્દીઓ ૧થી ૨ કલાકમાં પોતાની રોજિંદા સામાન્ય ક્રિયાઓ પર પાછા ફરી શકે છે.

★ ઓછો દુખાવો, ચેપનું ઓછું જોખમ અને કોઈ મોટી તકલીફ હોતી નથી.

સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, પ્રાઈવેટ હોસ્પિટલમાં લિથોટ્રીપ્સીની સારવારનો અંદાજિત ખર્ચ જે રૂા. ૧૦થી ૧૫ હજાર થાય છે તે સિવિલ હોસ્પિટલમાં ખુબ જ



નજીવા દરે અને આયુષ્માન કાર્ડ હેઠળ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવે છે. વધુમાં વધુ પથરી ના દર્દીઓ ને સિવિલ હોસ્પિટલ માં ઉપલબ્ધ આ સેવા નો લાભ લેવા ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ.

કિડ્‌ની તેમજ મૂત્રમાર્ગમાં રહેલી પથરીની ઓપરેશન વગર સારવાર માટે અમદાવાદ સિવિલ મેડિસિટીની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આવેલા યુરોલોજી વિભાગમા સંપર્ક કરવાનો રહેશે.

### ૧૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કરાયા

# આંબાવાડીમાં એપાર્ટમેન્ટની પાણીની ટાંકી ધરાશાયી થઈ

### અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલા બીરજુ એપાર્ટમેન્ટમાં બે હજાર લીટરની પાણીની ટાંકી તૂટી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના અનેક જિલ્લામાંઓમાં વરસાદી માહોલ જામ્યો છે, ક્યાંક અનારાધાર તો ક્યાંક થોડા થોડા અંતરાલ બાદ વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ક્યાંક રસ્તામાં ભૂવા પડવા અને જર્જરિત મકાનો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવે છે. ત્યારે આજે (૨૯મી જૂન) અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલા બીરજુ એપાર્ટમેન્ટમાં પાણીની ટાંકી તૂટી પડી હતી. આ ઘટનામાં ૧૦થી વધુ ફસાયા હતા, જેમને ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યૂ કરાયા હતા. મળતી માહિતી અનુસાર, આંબાવાડી વિસ્તારમાં આવેલા બીરજુ એપાર્ટમેન્ટમાં બે હજાર લીટરની પાણીની ટાંકી તૂટી પડી હતી. જેના કારણે ટાંકીની નીચે આવેલો સ્લેબ પણ ધરાશાયી થયો હતો. જેમાં ૧૦ વધુ લોકો ફસાયા હતા. આ ઘટના જાણ ફાયર વિભાગને થતા ઘટનાસ્થળે પહોંચીને તમામ લોકોનું રેસ્ક્યૂ કર્યુ હતું.જો કે, એક વૃદ્ધાને પગમાં ફ્રેક્ચર થયું હતું જેમને પણ સીડી દ્વારા નીચે ઉતારવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, આ સ્લેબ તૂટવાનો અવાજ એટલો મોટો હતો કે, આસપાસના લોકો પણ ડરી ગયા હતા. આ ઘટના બાદ અફરાતફરીનો માહોલ છવાયો હતો. જો કે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ મોટી જાનહાની સર્જાઈ નથી.

# અમુલ ડેરીની ચુંટણી પૂર્વે દુધીયા રાજકારણ ગરમાયું : ભ્રષ્ટાચારના આક્ષેપ વચ્ચે કોંગ્રેસનુ પશુપાલકો સાથે ધરણાંનુ એલાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આણંદ સ્થિત અમુલ ડેરી બહાર આગામી તા. ૧ જુલાઈના રોજ ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લાના પશુપાલકો સાથે કોંગ્રેસ ધરણા પ્રદર્શન કરવા જઈ રહી છે.અમુલ ડેરીની ચુંટણી પુર્વે રાજકારણ ગરમાયુ છે ત્યારે કોંગ્રેસના આગેવાન અને પૂર્વ મંત્રી અમિત ચાવડાએ અમુલ ડેરીના મામલે ગંભીર આક્ષેપો કર્યા છે.

અમિત ચાવડાએ આરોપ લગાવ્યો હતો કે અમુલ ડેરીમાં છેલ્લા કેટલાક સમયથી ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો છે અને આ તમામ ભ્રષ્ટાચાર પાછળ શાસક પક્ષનો હાથ છે તેમણે વધુમાં કહ્યુ હતુ કે ભાજપના શાસનમાં દુધ ઉદ્યોગને નુકશાન પહોચાડી માત્ર ગુંડાગીરી અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે જેની સામે હવે પશુપાલકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ખેડા જિલ્લાના કોંગ્રેસ પ્રમુખના પદગ્રહણ સમારોહ દરમિયાન અમિત ચાવડાએ જાહેરાત કરી હતી કે ૧ જુલાઈના રોજ આણંદ અમુલ ડેરી બહાર કોંગ્રેસ ધરણા પ્રદર્શન કરશે અને પશુપાલકોના હક્ક માટે અવાજ ઉઠાવશે. તેમણે દુધીયા રાજકારણમાં ભ્રષ્ટાચારના મુદ્દે અમુલ ડેરી અને શાસક પક્ષ પર તીખા પ્રહારો કર્યા હતા. આ નિવેદન બાદ દુધ ઉદ્યોગ અને આણંદ જિલ્લામાં



રાજકીય ગરમાવો આવી ગયો છે. અમુલ ડેરીની આગામી ચુંટણીને લઈને રાજકીય દલાલો અને પક્ષોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કોંગ્રેસના આક્રોશને પગલે શાસક પક્ષે શું પ્રતિસાદ મળશે તે હવે જોવુ રહ્યું.

### રોષે ભરાયેલા લોકોના ધરણાં

# પૂરપાટ દોડતી કારે આધેડ મહિલાને અડફેટે લેતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. માધુપુરા વિસ્તારમાં પૂરપાટ દોડતી કારે ૪૯ વર્ષીય એક આધેડ મહિલાને અડફેટે લેતાં તેમનું મોત નીપજ્યું હતું. મહિલાની ઓળખ ડાહીબેન પ્રહલાદભાઈ ચૌહાણ તરીકે થઈ હતી જે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. જોકે આ ઘટનાને પગલે લોકો રોષે ભરાયેલા સફાઈ કામદારોએ ટ્રાફિકના કડક રીતે નિયમોનું પાલન અને પીડિતને ન્યાય અપાવવા કાર્યવાહીની માગ કરતા દેખાવો શરૂ કરી દીધા હતા. આ ઘટના વહેલી સવારે માધુપુરા નજીક આવેલા દરિયાપુર વિસ્તારમાં બીઆરટીએસ કોરિડોર નજીક બની હતી. મૃત્યુ પામનાર મહિલા ડાહીબેન તે સમયે મ્યુનિસિપાલિટીમાં તેમની ફરજના ભાગરૂપે હાજરી નોંધાવવા જઈ રહ્યા હતા. બીઆરટીએસમાંથી ક્રોસ થતી વખતે પૂરપાટ ઝડપે દોડતી કારે તેમને ટક્કર મારી હતી. ડાહીબેનને કારચાલકે એટલી ભયાનક રીતે ટક્કર મારી હતી કે જેના કારણે તેમને માથા, ગળા, ચહેરા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાસ્થળના દશ્યોમાં રસ્તા પર લોહી વહેતુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. અકસ્માત સર્જ્યા બાદ ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. જોકે પછીથી ફરિયાદ નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી હતી. માહિતી અનુસાર રાહદારીઓએ ઘટનાસ્થળે ત્વરિત ભેગા થઈને ૧૦૮ ઈમરજન્સી સર્વિસને કૉલ કરી બોલાવી હતી અને પીડિતને અસારવા સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાઓને કારણે ડૉક્ટરો તેમને બચાવી ના શક્યા. ડાહીબેનની દીકરી નિકિતા ચૌહાણે આઈપીસીની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આરોપીની ઓળખ શશાંક સંજય રાય તરીકે થઈ હતી. જે નરોડાનો રહેવાશી છે. પોલીસે ફરિયાદ બાદ તેની ધરપકડ કરી હતી. હાલ આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# ડાંગમાં વરસાદી સીઝનમાં સોળે કળાએ ખીલી ઉઠી પ્રકૃતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ

ડાંગમાં વરસાદી સીઝનમાં પ્રકૃતિનો અદ્દભૂત નજારો જોવા મળી રહ્યો છે. વરસાદી સીઝનમાં ધીમી ધારે વરસતા વરસાદમાં એકદમ આહ્લાદક વાતાવરણ બન્યુ છે. ત્યારે પ્રકૃતિની મજા માણવા માટે સહેલાણીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.ડાંગ જિલ્લામાં ધીમીધારે વરસતા વરસાદે સમગ્ર વાતાવરણને આહ્લાદક બનાવી દીધુ છે. ચોમાસું જામતાની સાથે જ દર વર્ષે ડાંગમાં પ્રવાસીઓની ભીડ જોવા મળી છે. આ વર્ષે પણ રાજ્યના અનેક જિલ્લામાંથી પ્રવાસીઓ ડાંગમાં કુદરતી સૌંદર્યને નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવ્યા છે. ખાસ કરીને અંબિકા નદી ઉપરના ગીરા ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઉપરાંત સાપુતારામાં ધીમી ધારે વરસતા વરસાદની વચ્ચે પ્રવાસીઓએ બોટિંગ, રોપ-વે અને અન્ય પ્રવૃત્તિઓનો ભરપૂર આનંદ માણ્યો હતો. વરસાદી વાતાવરણ અને ધુમ્મસભર્યા દ્રશ્યોએ પ્રવાસીઓનાં મન મોહી લીધા હતા.

મહાલ ઈકો ટુરિઝમ સાઈટ, શબરીધામ અને અંજનકુંડ જેવા ડાંગના અન્ય પ્રવાસન સ્થળોએ પણ પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી.

# કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવઃ છોકરીઓમાં ડ્રોપ આઉટ દરને ઘટાડવાની ઝુંબેશમાં ગુજરાતે કેટલી સફળતા મેળવી ?

### રાજયમાં ૨૦૦૩ માં શરૂ કરાયેલા શાળા નોંધણી ઝુંબેશનુ ૨૩ માં વર્ષમાં પ્રવેશઃ માધ્યમિક શાળાઓમાં ૫ વર્ષમાં ડ્રોપ આઉટમાં માત્ર ૨.૮ ટકા નો ઘટાડો થયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના મણીનગરની એક સરકારી શાળામાં સહકાર રાજય મંત્રી જગદીશ વિશ્વકર્માએ કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવમાં ભાગ લીધો હતો. શાળામાં વિદ્યાર્થીના પ્રવેશને પ્રોત્સાહન આપવા માટે આ ત્રણ દિવસીય અભિયાન સમગ્ર ગુજરાતમાં યોજવામાં આવ્યુ હતું . ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ કિવઝમાં ભાગ લીધો હતો પુછવામાં આવેલા પ્રશ્નોમાંથી એક હતો, ૫૦ વર્ષ પહેલા, એવુ શું બન્યુ જે દુનિયાએ જોયુ ? શ્રીરામ કૃષ્ણ વિદ્યાલયની ધો. ૧૦ ની વિદ્યાર્થીનીએ બીજા કેટલાક નિષ્ફળ પ્રયાસો બાદ જવાબ આપ્યો તેણીએ બંધારણની હત્યા દિવસ હોવાનો જવાબ આપ્યો હતો. વિદ્યાર્થીનીને ઈનામ તરીકે ભગવાન રામની ચાંદીની મુર્તિ અપાઈ હતી.



વાર્ષિક ઝુંબેશ ગત ગુરૂવારે શરૂ થઈ હતી આ ઝુંબેશ દરમિયાન મંત્રીઓ અને સરકારી અધિકારીઓ એ વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેઓ વાલીઓને તેમના બાળકોને શાળામાં દાખલ કરાવવાનુ કહ્યુ હતુ શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરના પડુશણ ગામની એક સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. તેમણે વાલીઓને તેમના બાળકોને શાળામાં મોકલવા અને સરકારી યોજનાઓનો લાભ લેવા કહ્યુ હતું. ૨૦૦૩ થી ૨૦૦૪ માં જયારે આ ઝુંબેશ શરૂ થઈ ત્યારે ગુજરાતમાં ધો. ૧ થી ૭ માં ડ્રોપ આઉટ દર લગભગ ૪૦ ટકા હતો. આ ઝુંબેશ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેમાં પહેલા ધોરણમાં બાળકોની નોંધણી કરાવવા માટે હતી. સમય જતા રાજયએ આ ઝુંબેશમાં ટેકનોલોજી ઉમેરી, બાળકો પાસે હવે વિદ્યા સમિક્ષા કેન્દ્ર અથવા વાયએસકે દ્વારા એક ખાસ આઈડી હતી આ વરસે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનો (એઆઈ) ઉપયોગ એવા વિદ્યાર્થીઓની ઓળખ કરવા માટે કરવામાં આવી રહ્યો છે જે ડ્રોપ આઉટ થઈ શકે છે. આ ઝુંબેશનો હેતુ દરેક બાળક શાળામાં પ્રવેશ લે તેવો છે આ વરસે ધ્યાન ધોરણ ૯ એ ૧૦ પર કેન્દ્રીત થઈ રહ્યુ છે જો કે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે ઓછી શાળાઓ છે. જયારે સરકાર અથવા મ્યુનીસીપલ સંસ્થાઓ દ્વારા સંચાલીત ૩૨ હજાર પ્રાથમિક શાળાઓ છે ત્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાર્થીઓ માટે માત્ર ૬૧૦૦ શાળાઓ છે. શિક્ષણના મુખ્ય સચિવ મુકેશ કુમારે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ ઝુંબેશમાં રોજે રોજ મુલાકાત લેવામાં આવી છે. તેમાં ૩ માં થી ૨ શાળાઓ માધ્યમિક અથવા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે, એક પ્રાથમિક શાળા છે, શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર ૨૦૨૩ થી ૨૦૨૪ દરમિયાન ધો. ૯ અને ૧૦ માં ડ્રોપ આઉટ દર ૨૧ ટકા હતો. ૨૦૧૮ થી ૨૦૧૯ માં તે ૨૩.૮ ટકા હતો તેથી ૫ વરસમાં તેમાં માત્ર ૨.૮ ટકાનો ઘટાડો થયો છે. વિદ્યાર્થીઓ સ્કુલ છોડી દેવાના ઘણા કારણો છે. આમા તેમના ઘરની નજીક ઓછી શાળાઓનો સમાવેશ થાય છે, ખાસ કરીને છોકરીઓ માટે અન્ય કારણોમાં પરીવારો કામ માટે સ્થળાંતર કરી રહ્યા હોય અથવા બાળકો પરીવારને પૈસા કમાવવામાં મદદ કરે છે.

રાજય સરકાર દ્વારા હવે ધો. ૮ ના વિદ્યાર્થીઓનુ મેપીંગ થઈ રહ્યુ છે જેથી તેઓ ધો. ૯ માં જઈ શકે, ધો. ૧૦ થી ૧૧ માટે પણ આવી જ યોજના છે. વીએસકે સિસ્ટમ આવા વિદ્યાર્થીઓને ઓળખવામાં મદદ કરે છે. પછી તેમને નજીકની સરકારી અથવા ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. ૨૦૨૫ થી ૨૦૨૬ ના શૈક્ષણિક સત્રમાં નોંધણીનો લક્ષ્યાંક ૨૫.૭૫ લાખ વિદ્યાર્થીઓ છે. આમાંથી ૧૦.૫૬ લાખ ધો. ૯ માં જશે લગભગ ૬.૫ લાખ ધો. ૧૦ અને ૧૧ માં જશે. લગભગ ૮.૭૫ લાખ પહેલા ધોરણ અને બાલવાટીકામાં પ્રવેશ મેળવશે. ઘરેથી અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ પણ ચાલુ વરસે શરૂ થઈ ગઈ છે. આ સિસ્ટમથી ધો. ૮ પછી અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીઓને પણ તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે છે. વીએસકે ના ડેટા દર્શાવે છે કે ધો. ૧ થી ૫ માં ડ્રોપ આઉટ દર ૨૦૦૧ માં ૨૦.૯૩ ટકાથી ઘટીને ૨૦૨૩ થી ૨૦૨૪ માં ૧.૦૭ ટકા થયો છે. ધો. ૧ થી ૮ માટે ડ્રોપ આઉટ દર ૨૦૦૧ માં ૩૭.૨૨ ટકા થી ઘટીને ૨૦૨૩ થી ૨૦૨૪ માં ૨.૪૨ ટકા થયો છે. જો કે (એઆઈ) આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ આધારીત પ્રારંભિક વોર્નીંગ સિસ્ટમ કહે છે કે આ વરસે ધો. ૧ થી ૮ માં ૧.૬૭ લાખ વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થઈ શકે છે તેમાંથી ૫૫ ટકાથી વધુ છોકરીઓ છે. સૌથી વધુ સંખ્યા બનાસકાંઠા, કચ્છ, દાહોદ, સુરત શહેર અને અમદાવાદમાં છે. આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ ઘણા પરીબળોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ટ્રેક કરે છે. આમા હાજરી, શૈક્ષણિક સ્કોર્સ , વર્તન, નાણાંકીય પૃષ્ઠભુમિ અને માતા પિતાના વલણનો સમાવેશ થાય છે. આ ડેટાના આધારે શાળાઓને ચેતવણી આપવામાં આવે છે. જેથી ડ્રોપ આઉટ અટકાવવા માટે પગલા લઈ શકાય.

# વડોદરા ક્રાઈમ બ્રાન્ચે એટીએમ મશીન તોડવાના પ્રયાસ કરનારા આરોપીઓની કરી ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




વડોદરામાં એટીએમ મશીન તોડવાનો પ્રયાસ કરનાર આરોપીઓ ઝડપાઈ ગયા છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે. ઓનલાઈન ગેમમાં રૂપીયા ૧૫ લાખ હારી જતા ચોરીનો બનાવ બન્યો હતો. પ્લાન તો આરોપીઓએ નંદેસરી, મંજુસર માં એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હતો જે એટીએમમાં સીકયુરીટી ન હતી તે જગ્યાએ એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ૩ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. સરફરાજ સૈયદ, સોહમ માળી, મનીષ સોલંકીની વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે ટેકનીકલ સોર્સિસ ના આધારે ૩ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી ઈકો કાર માં એટીએમ તોડવાના સાધનો મળી આવ્યા છે. આરોપીએ પોલીસની પુછપરછ માં એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હોવાનુ કબુલ્યુ હતુ તો મુખ્ય આરોપી ગેમમાં રૂપીયા હારી ગયો હતો અને બંને સાથી આરોપીઓને પણ રૂપીયાની જરૂરીયાત હોવાથી તેમણે ચોરી કરવામાં મદદ કરી હતી. ચોરી કરતા પહેલા ગેંગે યુટયુબ પર એટીએમ મશીન તોડવાના વિડીયો પણ જોયા હતા. ગઈ તા. ૨૦ જુને એટીએમ તોડવા માટે જરૂરી સામાન લેવા ત્રણેય કપુરાઈની હદમાં ગેસ વેલ્ડીંગની દુકાનનુ તાળુ તોડી ગેસ કટર અને ગેસ બાટલાની ચોરી કરી હતી. ત્રણેય પકડાતા કપુરાઈ, નંદેસરી અને મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુન્હાનો ભેદ ઉકેલાયો હતો. સરફરાજ ઓનલાઈન એવીવેટર ગેમમાં ૧૫ લાખ રૂપીયા હારી જતા લીધેલી લોનના હપ્તા ચઢી ગયા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની તાલુકા પંચાયતોમાં માહિતી અધિકાર કાયદો હાંસીયામાં ધકેલી દેવાયો

### જિલ્લા વિકાસ અધિકારીઓની ઉદાસીનતાને કારણે તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા માહિતી અધિકાર કાયદાને અભડાઈએ ચડાવી દેવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ માં માહિતી અધિકાર કાયદો અમલમાં આવ્યો છે જેમાં અરજદારને જરૂરી ફી ભરે થી માંગેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવાની હોય છે. પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની કેટલીક તાલુકા પંચાયતોમાં માહિતી અધિકાર કાયદાને હાંસીયામાં ધકેલી દેવામાં આવ્યો હોવાની બુમરોળ ઉઠવા પામી છે જેમાં સૌથી વધુ અરવલ્લી જિલ્લાની ભિલોડા અને બાયડ તાલુકા વિકાસ અધિકારીઓ અપીલ અધિકારીઓને પણ ગાંઠતા નથી કેટલીક વખત તાલુકા પંચાયતના ભ્રષ્ટ સત્તાધિશો કહે છે આયોગ દંડ લેશે, નોકરી ઉપરથી ઘર ભેગા તો નહી કરે ને, તેવા જવાબો પ્રજાને મળી રહ્યા છે. ત્યારે માહિતી કમિશ્નર દ્વારા લાલ આંખ કરવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે. નવાઈની વાત તો એ છે કે તાલુકા વિકાસ અધિકારીઓ જો જિલ્લા વિકાસ અધિકારી કે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓના આદેશોનુ પાલન કરતા ન હોય તો સામાન્ય પ્રજા કામ માટે તાલુકા વિકાસ અધિકારીઓ પાસે શું આશા રાખી શકે ?






કહેવાય છે કે વાડ ચીભડા ગળતી હોય તો ફરીયાદ કોને કરવી, ખુદ પંચાયત મંત્રીના પુત્રો જ કરોડો રૂપીયાના કૌભાંડો આચરતા હોય તો પ્રજા પંચાયત વિભાગની ફરીયાદ કરવા જાય તો કયાં જાય તેવા અનેક સવાલો આમ પ્રજામાં ઉઠી રહ્યા છે.

# લ્યો બોલો સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી કહે છે મેડીકલ ફી ના ધોરણમાં વધારો થયો પરંતુ તેની મને ખબર નથી : હું ગરવી ગુજરાતની રજુઆતને સરકારના ધ્યાને મુકીશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે મેડીકલ ફી ના ધોરણમાં વધારો કર્યો છે પરંતુ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના વિકસતિ જાતિ, અનુસુચિત જાતિ અને અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા વિદ્યાર્થીઓને અપાતી લોન સહાયના ધોરણમાં વધારો કરવામાં આવ્યો નથી. આ અંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીને આ અંગે પુછવામાં આવતા મંત્રીએ કહ્યુ હતુ કે વધુમાં વધુ વિદ્યાર્થીઓ લોન સહાયના આધારે વિદેશ અભ્યાસ અર્થે જાય છે. પરંતુ ગુજરાત સરકાર દ્વારા મેડીકલ ફી ના વધારા મામલે મંત્રીએ મૌન સેવી કહ્યુ હતુ કે મને ખબર નથી છતાં હુ તમારી રજુઆતને કેબિનેટમાં ધ્યાન ઉપર મુકીશ, પરંતુ લોન સહાયમાં વધારો કરવામાં આવશે કે નહી તે મામલે મંત્રીશ્રીએ જવાબદારીમાંથી છટકબારી કરી લીધી હતી. આમ સરકારના મંત્રીઓ પોતાની ખુરશીઓ સાચવી પ્રજાના કામો માટે હાથ અધ્ધર કરી દેતા પ્રજાએ પણ હવે જાગવાનો સમય આવી ગયો છે. ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓને વિભાગની પુરતી જાણકારી ન હોવાને કારણે મંત્રીઓના કાર્યાલયે બેસતા સરકારી બાબુઓને ઘી કેળા થઈ ગયા છે. કેટલાક સરકારી બાબુઓ મંત્રીને વિભાગની પુરતી જાણકારી ન હોવાને કારણે મલાઈદાર ફાઈલો હોય કે બદલીઓમાં કલીયર કરાવી મોટી કટકી કરતા હોવાની પણ ફરીયાદો ઉઠી રહી છે.



# ભાજપના પક્ષપલ્ટુ પૂર્વ ધારાસભ્ય કહે છે દલિતો ભાજપને મત આપતા નથી : મત આપે છે તો તે માત્ર ભાજપના દલિત સમાજના આગેવાનો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીઓ ટાંણે કેટલાક કોંગ્રેસી નેતાઓએ પક્ષપલ્ટો કરી ભાજપનો ખેસ ધારણ કર્યો હતો અને તેમાંના કેટલાક પક્ષપલ્ટુ નેતાઓ હાલમાં ધારાસભ્ય પદે ચુંટાયા છે તો કેટલાક ધારાસભ્ય પદે ચુંટાઈ મંત્રી મંડળમાં બિરાજેલા છે. તેમાંના ભાજપના દલિત નેતા અને પૂર્વ ધારાસભ્યએ જાહેરમાં કહ્યુ હતુ કે અમારા દલિત સમાજના લોકો કયારેય ભાજપને મત આપતા નથી અને આપે છે તો તે માત્ર ભાજપના દલિત આગેવાનોના મત ભાજપમાં પડે છે. કારણ કે અગાઉ કેટલાક અધિકારીઓની ઓફીસો બહાર નજર કરો તો એસસી , એસટી અને ઓબીસી અધિકારીઓની નેમ પ્લેટો જોવા મળતી હતી જે આજે જોવા મળતી નથી, ભાજપના દલિત નેતા અને પૂર્વ ધારાસભ્યએ જાહેરમાં કહ્યુ હતુ કે હું પણ નરેન્દ્ર મોદીની વિચારસરણીથી ભાજપમાં જોડાયો છું. પરંતુ ભાજપને મત આપો છો તે અંગેના પુછેલા પ્રશ્નના જવાબમાં નેતાએ મૌન ધારણ કરી લીધુ હતું.

હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓ દેશ વિદેશમાં મેડીકલ અભ્યાસ અર્થે જાય છે તેઓને પુરતી સહાય કે લોન મળતી નથી વિદ્યાર્થીને જાણે સરકાર પાસે ભીખ માંગવી પડતી હોય તેમ જરૂરી દસ્તાવેજો રજુ કર્યા બાદ પણ ધકકા ખવડાવી અધુરી લોન સહાય મળતી હોવાને કારણે સામાજિક શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ફી ભરવા માટે ફાંફાં મારવા પડતા હોય છે.

સામાજિક શૈક્ષણીક રીતે પછાત જાતિની આશ્રમ શાળાના સંચાલકોને પણ સરકારી બાબુઓ પાસેથી ગ્રાન્ટ લેવા માટે નિયમિત હપ્તા ભર્યા બાદ ગ્રાન્ટ છુટી કરવામાં આવતી હોય છે આમ અનેક કારણોને લીધે દલિત સમાજ ભાજપને મત આપવા માટે વચન આપે છે પરંતુ પડદા પાછળ કંઈક અલગ જ હોય છે.



# પોલીસે ૧ ૨ શખસોની ધરપકડ કરી

# સુરતમાંથી નકલી સોનાના દાગીના બનાવતું એક કારખાનું ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી નકલીની બોલબાલા છે. નકલી અધિકારીઓ અને નકલી વસ્તુઓ કિસ્સાઓ વધ્યા છે. ત્યારે હવે સુરતના સરથાણા વિસ્તારમાં નકલી સોનાના દાગીના બનાવતી ગેંગ ઝડપાઈ છે. જે અસલી સોનાના હોલમાર્કા સાથે ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના વહેંચતા હતા. આ મામલે પોલીસે ૧ ૨ શખસોની ધરપકડ કરી છે.મળતી માહિતી અનુસાર, સુરતના સરથાણા વિસ્તારમાંથી હોલમાર્ક ખરા પરંતુ તેમા ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતુ કારખાનું ઝડપાયું છે. આ કારખાનામાં ઉત્પાદિત થતા દાગીના ઉપર ૧૦૦% શુદ્ધનો સિક્કો મારીને તેમાં માત્ર ૨૩% ગોલ્ડ નાખી હોલમાર્કની સિક્કો લગાવીને વેચાણ કરતા હતા. આ અંગે પર્દાફાશ ત્યારે થયો જ્યારે મુખ્ય આરોપી વિવેક સોની સહિતના આરોપીઓ યોગી ચોક ખાતે આવેલા જ્વેલરી સ્ટોરમાં નકલી સોનાની ચેઈન વહેંચવા ગયા હતા. જ્વેલર્સના માલિકને સોનું નકલી જણાતા તેણે પોલીસને જાણ કરી હતી.

આ મામલે પોલીસે અલગ અલગ ટીમ બનાવીને આરોપીઓ સુધી પહોંચવા તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલ વેલંજા ખાતે રુદ્રાક્ષ સોસાયટીમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જયા ઘરમાં જ અસલી સોનાના નામે ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતા હતા. પોલીસે સ્થળ પરથી ચાર ચેઈન, ચેઈન બનાવવાનું મશીન, અને હોલમાર્કનો સિક્કો સહિતની સામગ્રી જપ્ત કરીને કુલ ૧ ૨ આરોપીઓની ધરપકડ છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી વિવેક સોની સહિત ૧ ૨ લોકો સાથે મળી ભેળસેળયુક્ત સોનુ બનાવતા હતા. એક મહિનાથી આ કારખાનું ચલાવવામાં આવતું હતું. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# અધિકારીઓના અભાવે ટ્રાયબલ વિસ્તારની આદિજાતિ આશ્રમ શાળાઓમાં ચાલતો અંધેર વહિવટ

### ૩ જગ્યાનો ચાર્જ હોવાને કારણે સારોલી આશ્રમ શાળાની વિઝીટ લઈ શકાતી નથી : આશ્રમ શાળા અધિકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ વિસ્તારની કેટલીક આશ્રમ શાળાઓમાં ગેરરીતીઓ અને અંધેર વહિવટ ચાલતો હોવાની આરટીઆઈ ના ખુલાસામાં બહાર આવવા પામ્યુ છે. જિલ્લાના વિજયનગર તાલુકાની સારોલી આદિજાતિ આશ્રમ શાળામાં કરેલ આરટીઆઈ માં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જેમાં કોઈ આંકડાકીય માહિતી આપવામાં ન આવતા આશ્રમ શાળામાં ચાલતી પ્રવૃત્તિ મામલે તપાસની માંગ ઉઠવા પામી છે. નવાઈની વાત તો એ છે કે આશ્રમ શાળાના સંચાલક દ્વારા અરજદારના નામે બોગસ ખોટી નકલી સહી કરી હોવાનુ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે ખેડબ્રહ્મા તાલુકાના આશ્રમ શાળા અધિકારીને આ અંગે પુછવામાં આવતા તેઓશ્રીએ જણાવેલ કે સમગ્ર આરટીઆઈ ના કાગળો સારોલી આશ્રમ શાળા ના સંચાલક દ્વારા મોકલવામાં આવ્યા છે. સારોલી આશ્રમ શાળાની વિઝીટ વર્ષ માં કેટલી વાર કરવામાં આવે છે તે અંગે પુછવામાં આવતા આશ્રમ શાળા અધિકારીએ જણાવેલ કે મારી પાસે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ૩-૩ ચાર્જ હોવાને કારણે હું આશ્રમ શાળાઓની વિઝીટ લઈ શકતો નથી. આમ સરકારી અધિકારીઓના અભાવે ટ્રાયબલ વિસ્તારની કેટલીક આશ્રમ શાળાના સંચાલકોને ઘી કેળા થઈ ગયા છે. સરકારી આશ્રમ શાળાઓમાં કોઈ રણીધણી પુછનાર ન હોય તેમ આશ્રમ શાળાના સંચાલકો સરકારી ગ્રાન્ટનો ગરીબ અને નબળા આદિજાતિ વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે તેમજ ગણવેશ પાછળ ખર્ચ કરવાને બદલે ટ્રાયબલ વિસ્તારની આદિજાતિ આશ્રમ શાળાના સંચાલકો પોતાના ખિસ્સા ગરમ કરી રહ્યા હોવાની બુમરોળ ઉઠવા પામી છે. ત્યારે રાજય સરકારના આદિજાતિ કમિશ્નર દ્વારા ટ્રાયબલ વિસ્તારની




અંતરીયાળ આશ્રમ શાળાઓની અચાનક વિઝીટ લેવામાં આવે તો કેટલીક સરકારી આદિજાતિ આશ્રમ શાળાના સંચાલકોની ભ્રષ્ટાચારી લીલા બહાર આવે તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતેની આદિજાતિ વિભાગના મદદનીશ કમિશ્નર પણ પોતાની મરજી મુજબ કચેરીમાં આવતા હોવાને કારણે પ્રજા ફરીયાદ કરવા જાય તો કયાં જાય તે પણ એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# સાબરકાંઠા જિલ્લાની તલોદ જીઆઈડીસીમાં રબ્બર બનાવતી ફેકટરીમાં આગ લાગતા કામદારોમાં દોડધામ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાની તલોદ જીઆઈડીસીમાં રબ્બર બનાવતી પુષ્પક ઈન્ડીયા કંપનીમાં આગ લાગતા કામદારો માં દોડધામ મચી જવા પામી હતી. ધુમાડાના ગોટેગોટાની અસર થી આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે. ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. આગ કયા કારણોસર લાગી તે હજુ અકબંધ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જિલ્લાના તલોદમાં જીઆઈડીસી ખાતે રબ્બર બનાવની પુષ્પક ઈન્ડીયા કંપનીમાં આજે રવિવારે અચાનક આગ લાગતા કામદારોમાં અને આજુબાજુના વિસ્તારોમાં દોડધામ મચી જવા પામી હતી. આગના ગોટેગોટાની અસર આજુબાજુના વિસ્તારોમાં ફેલાતા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પાણીનો મારો ચલાવી કલાકોની અંદર આગ કાબુમાં લઈ લીધી હતી. કંપનીમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી બહાર આવ્યુ નથી આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી, તલોદ નગરપાલિકા ફાયર ફાઈટરો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર વિભાગ દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હોવાના સમાચારો પ્રાપ્ત થયા હતા.

